# “વર્કિંગ પ્રોફેશનલ” ના પ્રવેશ અંગેની માર્ગદર્શિકા:

વર્કિંગ પ્રોફેશનલના પ્રવેશની લાયકાત:

- એઆઈસીટીઈ ના નિયમ મુજબ જે તે ઉમેદવાર હાલ જે કંપનીમાં નોકરી કરી રહેલ હોય તે કંપની (જે રજિસ્ટર્ડ ઉદ્યોગ/ સંસ્થા (કેન્દ્રીય/રાજ્ય) /ખાનગી/ પબ્લિક લિમિટેડ કંપની/ MSMEs હોઈ શકે છે) અથવા ઉમેદવારનું નિવાસ સ્થાન ની 75 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ હોય તેવી સંસ્થામાં પ્રવેશ માટે લાયક રહેશે.
- કુલ ઓછામાં ઓછો એક વર્ષનો પૂર્ણ સમય(નિયમિત) કામ કરવાનો અનુભવ અને હાલ નોકરી ચાલુ હોવી આવશ્યક રહેશે.
- એઆઈસીટીઈ ના નિયમ મુજબ ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષમાં સીધા પ્રવેશ એટલે કે લેટરલ એન્ટ્રી પ્રવેશ માટેની લાયકાત જરૂરી રહેશે .

રજીસ્ટ્રેશન

- ઉમેદવારે જે સંસ્થામાં પ્રવેશ મેળવવો હોય તે સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.
- સંસ્થાના નોડલ અધિકારીશ્રીએ પોતાની સંસ્થા માટે ઉમેદવારનું રજીસ્ટ્રેશન એસીપીડીસી દ્વારા આપવામાં આવેલ વેબ પોર્ટલ ઉપર કરવાનું રહેશે.
- સંસ્થાના નોડલ અધિકારીશ્રીએ એસીપીડીસીના નિર્ધારિત ફોર્મેટમાં આવેલ અનુભવના પ્રમાણપત્રમાં દર્શાવેલ કંપની અથવા ઉમેદવારનું નિવાસ સ્થાન, પોતાની સંસ્થાના 75 કિલોમીટરની ત્રિજ્યાના અંતરમાં છે તે ચકાસીને સર્ટિફિકેટ ઉપર સહી અને સિક્કા કરી અપલોડ કરવાનું રહેશે.
- ઉમેદવારે એસીપીડીસી દ્વારા નક્કી કરેલ રજીસ્ટ્રેશનની ફી ચૂકવવાની રહેશે.
- સંસ્થા એક અથવા એક થી વધુ ઉમેદવારોની ફી એસીપીડીસી ના એકાઉન્ટમાં જમા કરી શકશે અને તેનો ટ્રાન્ઝેક્શન નંબર વેબ પોર્ટલ પર નાખ્યેથી તે વિદ્યાર્થીની માહિતી માં , ફી ભરાઈ ગયેલ હોવાનું દર્શાવશે.
- જો એક કરતાં વધારે ઉમેદવારની ફી જમા કરવામાં આવેલ હોય તો તે કિસ્સામાં જે ઉમેદવારની ફી ભરાયેલ હોય તેના નામ સિલેક્ટ કરીને નોડલ અધિકારીશ્રીએ વેબ પોર્ટલમાં અપડેટ કરવાનું રહેશે.
- ઉમેદવારે અસલ અનુભવનું પ્રમાણપત્ર **(Original Experience Certificate)** નોડલ ઓફિસરશ્રી ને જમા કરાવવું.

રજીસ્ટ્રેશન વખતે જરૂરી સર્ટિફિકેટ અથવા દસ્તાવેજની યાદી

1. ઉમેદવારનો પાસપોર્ટ સાઇઝ ફોટો
2. ધોરણ 10 (એસએસસી) પાસ ની તમામ પ્રયત્નોની માર્કશીટ
3. આઈ.ટી.આઈ ના બંને વર્ષની માર્કશીટ અથવા તમામ સેમેસ્ટરની માર્કશીટ
4. એસીપીડીસીના નિર્ધારિત ફોર્મેટમાં કંપની દ્વારા અપાયેલ અનુભવનું પ્રમાણપત્ર
5. કેટેગરી સર્ટિફિકેટ( **SC,ST,SEBC & NCL ,EX / IN SERVICEMAN,EWS**) (લાગુ પડતાં કિસ્સામાં )
6. **Physically Handicap (PH)** અંગેનું સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર (લાગુ પડતાં કિસ્સામાં)

## દસ્તાવેજોની ઓનલાઈન ચકાસણી

- રજીસ્ટર થયેલ તમામ ઉમેદવારોના દસ્તાવેજોની ઓનલાઇન ચકાસણી સમિતિ દ્વારા કરવામાં આવશે.
- જો કોઈ ઉમેદવારના દસ્તાવેજો ખૂટતા અથવા ઉણપ વાળા જણાશે તો તે ઉમેદવારના જે તે દસ્તાવેજો અંગે કવેરી કરવામાં આવશે જે સંસ્થાના વેબ પોર્ટલના લોગીનમાં દેખાશે.
- નોડલ અધિકારીશ્રીએ ઉમેદવાર પાસેથી જે તે દસ્તાવેજો મંગાવી સંસ્થા દ્વારા વેબ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

## મેરીટ (યોગ્યતા યાદી)

- રજીસ્ટર થયેલા અને ચકાસણી દરમ્યાન દસ્તાવેજો યોગ્ય માલૂમ પડેલ છે તેવા ઉમેદવારો ની એક કોમન મેરીટ યાદી બનાવવામાં આવશે.
- આ મેરીટ યાદી ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષમાં સીધા પ્રવેશ (Lateral Entry) માટેના પ્રવર્તમાન નોટિફિકેશનમાં ઉલ્લેખિત પદ્ધતિ મુજબ બનાવવામાં આવશે.

## પ્રવેશ ફાળવણી

- મેરીટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને પ્રવેશ ફાળવણી સંસ્થા ખાતેથી ઓફલાઈન રાઉન્ડ દ્વારા કરવામાં આવશે. અને તેઓનું એક જ દિવસે કાઉનસલીંગ રાખવામાં આવશે.
- મેરીટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો પાસેથી ચોઇસ માટેનું ફોર્મ સંસ્થા દ્વારા ભરાવવામાં આવે છે અને તે ફોર્મ **ACPDC** ખાતે મંગાવવામાં આવે છે અને તે મુજબ પ્રવેશ ફાળવણી કરવામાં આવે છે.
- એઆઇસીટીઇના નિયમ મુજબ વર્કિંગ પ્રોફેશનલ માટેની જે-તે સંસ્થાની જે-તે અભ્યાસક્રમ(બ્રાન્ચ)ની પ્રવેશ ક્ષમતાના ૩૩%(૧/૩) ની પ્રવેશ ફાળવણી થયેલ હશે તો જ તે અભ્યાસક્રમ(બ્રાન્ચ) શરૂ થઈ શકશે. જેની જાણ ઉમેદવારોને કરવી જરૂરી છે.

નોંધ:

(૧) જો ઉમેદવારની પ્રથમ ચોઈસની શાખામાં ૩૩%(૧/૩) કરતાં ઓછા ઉમેદવારો એ જ પ્રવેશ મેળવવા માટે ચોઈસ ભરેલ હશે તો તે ઉમેદવારને (જો તે ઉમેદવાર ઈચ્છે તો જ) બીજી ચોઈસ વાળી શાખામાં પ્રવેશ ફાળવવામાં આવશે.

(૨) જો ઉમેદવારે ભરેલ તમામ ચોઈસની શાખામાં ૩૩%(૧/૩) કરતાં ઓછા ઉમેદવારો એજ પ્રવેશ મેળવવા માટે ચોઈસ ભરેલ હશે તો તે ઉમેદવારને તે સમયે પ્રવેશ ફાળવવામાં આવશે નહી અને તેમનો પ્રવેશ વેઈટીંગમાં રાખવામાં આવશે.

(૩) જો ઉમેદવારે ભરેલ તમામ ચોઈસની શાખામાં ૩૩%(૧/૩) કરતાં ઓછા ઉમેદવારો એજ પ્રવેશ મેળવવા માટે ચોઈસ ભરેલ હશે અને ઉમેદવાર કોઈ બીજી સંસ્થા માટે પણ યોગ્ય હશે અને તે સંસ્થામાં જો કોઈ શાખા ચાલુ થયેલ હશે તો ઉમેદવારને તે સંસ્થામાં પણ નવું NOC જમા કરાવવાની શરતે પ્રવેશ ફાળવવામાં આવશે.

(૪) પ્રવેશના બીજા કોઈપણ રાઉન્ડ દરમ્યાન ઉમેદવારે ભરેલ અગાઉની ચોઈસ વાળી શાખા ચાલુ થશે તો ઉમેદવારને તે શાખામાં રીફલીનગ માટે યોગ્ય ગણવામાં આવશે.